ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

સભા તોફાની બની | પેટલાદ નગરપાલિકામાં પ્રમુખ અને સીઓને સત્તા આપવાના ઓથા હેઠળ અંધેર વહીવટનો આક્ષેપ

પેટલાદ પાલિકાની સભામાં સભ્યો સામસામે આવી ગયાં

અધુરી વિગતો સાથે
રજુ થતા કામોની પરંપરાને લઇ વિપક્ષો આક્રમક બન્યાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારે યોજાઈ હતી. જેમાં કાર્ય સૂચી મુજબ 14 અને પ્રમુખ સ્થાનેથી બે કામો રજુ થયા હતા. આ સામાન્ય સભામાં રજુ થતા મોટા ભાગના કામો માટે પ્રમુખ અને ચીફ ઓફીસરને સત્તા આપી મંજુર કરવાનો એક નવતર ચીલો ચીતરવામાં આવી રહ્યો છે. જેના ઓથા હેઠળ પ્રમુખ અને સીઓ અંધેર વહીવટ કરી રહ્યા હોવાની વાત ચર્ચાસ્પદ બનવા પામી છે. આ સભામાં કેટલાક કામો અધુરી વિગતો અથવા ચાર લીટીના રિપોર્ટો રજુ કરતા વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. આવા પાંચ જેટલા કામોમાં વિપક્ષે સુધારો રજુ કરતા 16 વિરૂદ્ધ 6 મતે મંજુર થયા હતા. આ સભામાં કામો તથા સુધારા દરખાસ્ત વંચાણે લેવા સંદર્ભે સત્તાપક્ષ અને વિપક્ષના કેટલાક સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો.

પેટલાદ નગરપાલિકાના સભાખંડમાં શુક્રવાર બપોરે ચાર કલાકે સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં કાર્ય સૂચી મુજબ 14 કામોનું વંચાણ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રથમ કામ શરૂ થતાં જ પ્રમુખ સહિત સત્તા પક્ષના કેટલાક સભ્યોએ જણાવ્યું હતું કે, જો વિપક્ષનો કોઈ સુધારો ના હોય તો તમામ કામો સર્વાનુમતે મંજુર કરી સભા પૂર્ણ કરો. આ વાત સાંભળી વિપક્ષના સભ્યોએ કામો વંચાણે લઈ સભા રાબેતા મુજબ ચલાવવા રજુઆત કરી હતી. પરંતુ સભા ગણતરીની મિનીટોમાં આટોપી લેવાના કારણોસર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર ઘર્ષણ શરૂ થયું હતું. બંન્ને પક્ષો વચ્ચે સામસામે ઉગ્ર બોલાચાલી સતત પંદર મિનીટ સુધી ચાલ્યા બાદ વિપક્ષે કામ નં.10, 11, 12, 13 અને 14 બાબતે સુધારો રજુ કર્યો હતો. આ સુધારો વાંચવા પણ પ્રમુખ તૈયાર ન્હોતા. આ પાંચ કામોમાં મતદાન થકી બહુમતીથી મંજુર કરાવી દેવા પ્રમુખ રઘવાયા થયા હતા. પરંતુ સુધારો વંચાણે લેવા યેનકેન પ્રકારે વિપક્ષ દ્વારા રજુઆત કરવામાં આવતી હતી.

અંતે વિપક્ષના સુધારા ઉપર મતદાન થતાં આ પાંચેય કામો 16 વિરૂદ્ધ 6 મતથી મંજુર થયા હતા. આ સુધારામાં ઉલ્લેખ કરાયો હતો કે રજુ કરેલા કામ નં.10થી 14 પૈકી એકપણ કામોમાં સાધનિક કાગળો, કરેલી કાર્યવાહી, એસ્ટીમેટ, નકશા, ગ્રાન્ટનો પ્રકાર, અંદાજીત ખર્ચ વગેરે જેવી કોઈ જ માહિતી કામ સાથે સામેલ નથી. માત્ર કામોનો ઉલ્લેખ કરી ભ્રષ્ટાચાર કરવાના આશયની શંકા વિપક્ષે વ્યક્ત કરી હતી.

આ અંગે પ્રમુખે જણાવ્યું હતું કે આજની સભામાં મૂકેલ કામો માત્ર ઠરાવ માટે લીધેલ છે. જેના માટેની દરખાસ્તો, એસ્ટીમેટ વગેરે જરૂરી કાર્યવાહી હવે પછી કરવામાં આવશે.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

પાલિકાની ચૂંટણી લક્ષી સ્ટંટનો આક્ષેપ

પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણીના પડઘમ વાગી રહ્યાં છે. જે પૂર્વે શુક્રવારની સભામાં વિપક્ષ દ્વારા ઉગ્ર વિરોધ કરી મતબેંક કબ્જે કરવાનો આ સ્ટંટ હોવાનું કારોબારી ચેરમેન જય પટેલ તથા કાઉન્સિલર ભાવિન પટેલે જણાવ્યું હતું. તેઓએ વધુમાં કહ્યું હતું કે, અત્યાર સુધીની યોજાઈ ગયેલી સામાન્ય સભાઓમાં કેમ આટલા સુધારા રજુ ન્હોતા થતાં ? શા માટે આટલી ઉગ્રતા બતાવવામાં આવતી ન્હોતી ? વિપક્ષના કેટલાક સભ્યો તો સામાન્ય સભામાં આવવાની તસ્દી પણ ન્હોતા લેતા. આ બધો વિરોધ ચુંટણી લક્ષી સ્ટંટ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

મલાવ તળાવને ઉંડુ કરવામાં ભ્રષ્ટાચારની શંકા

પેટલાદના સૌથી વિશાળ મલાવ તળાવને ઉંડુ કરવા માટે ખોદકામ કરવાનું છે. જે માટે સભામાં કામ નં.13 રજુ કરવામાં આવ્યું હતું. આ તળાવમાંથી કેટલા ડમ્પર માટી કાઢવી, કેટલું ઊંડું કરવું, કઈ એજન્સીને કામ આપવું, પાલિકાને થનાર અંદાજીત આવક વગેરે જેવી કોઈ જ માહિતી આ કામ સાથે રજુ કરવામાં આવી ન્હોતી. આ કામ સંદર્ભે માત્ર એક એજન્સીની આવેલ અરજીના આધારે લેવામાં આવેલા હોવાનું જાણવા મળે છે. હાલ સમગ્ર રાજ્યમાં ચાલતા માટી ખનન સામે સરકાર લાલ આંખ કરી રહી છે, તેવામાં પેટલાદ ખાતે મોટા પાયે ખોદવામાં આવનાર માટી કામ અંગે કોઈ જ સાધનીક કાગળો રજુ કર્યા સિવાય કામ ઠરાવ માટે લેવું ભ્રષ્ટાચારની શંકા ઉપજાવે તેવુ હોવાનું વિપક્ષે સુધારામાં જણાવ્યું હતું.

પેટલાદ શહેરમાં અધુરો આઈકોનીક માર્ગ

પાલિકાની સભામાં પ્રમુખ સ્થાનેથી રજુ થયેલા પૈકી એક કામ નામકરણનું હતું. શહેરના કોલેજ ચોકડીથી રણછોડજી મંદિર સુધીના આઈકોનીક રોડને અટલ બિહારી વાજપેયી માર્ગ નામ આપવાનો ઠરાવ સર્વાનુમતે મંજુર થયો હતો. જો કે આ આઈકોનીક માર્ગનું કામ છેલ્લા છ મહિનાથી ટલ્લે ચડેલ છે. જ્યારે બીજી તરફ જે ઉદ્યાનનું લોકાર્પણ થયે છ મહિના બાદ તેને અટલ ઉદ્યાનના નામકરણનો ઠરાવ આજે થતો હોવાનું પ્રમુખે જણાવ્યું હતું.

આણંદ શહેરના સુપર માર્કેટમાં દબાણ કરનારા 41 વેપારી દંડાયાં

કરમસદ-આણંદ
મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગે 2.05 લાખનો દંડ ફટકારોય

(પ્રતિનિધિ) આણંદ તા.26

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વ્યસ્ત એવા સુપર માર્કેટ વિસ્તારમાં જાહેર માર્ગો પરના અનધિકૃત દબાણો દૂર કરવા માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર મિલિંદ બાપનાના માર્ગદર્શન હેઠળ, જાહેર રસ્તાઓ પર માલસામાન મૂકીને નાગરિકોની અવરજવરમાં અવરોધ ઊભો કરતા વેપારીઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરવામાં આવી છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગે સુપર માર્કેટના કુલ 41 જેટલા એકમોને દંડની નોટિસ ફટકારી છે. આ કાર્યવાહી અંતર્ગત, દરેક એકમ પાસેથી અનધિકૃત દબાણના વહીવટી ચાર્જ પેટે રૂ. પાંચ હજાર લેખે કુલ રૂ. બે લાખ પાંચ હજારનો દંડ વસૂલવા સૂચના અપાઈ છે. આ કડક પગલું ગ્રાહકો અને સામાન્ય નાગરિકો માટે બજારમાં અવરજવર સરળ અને સુરક્ષિત બનાવવાના આશયથી લેવાયું છે.

આ કાર્યવાહીમાં મુખ્યત્વે કપડાં, રેડીમેડ અને કિરાણા સ્ટોર્સનો સમાવેશ થાય છે. જેમાં પંકજ કાપડ ભંડાર, આરતી સિલ્ક, રાની સાડી પેલેસ, રાધે ડ્રેસીસ, કિશ્ના સિલ્ક પેલેસ, નીરાલી NX, એકતા નડિયાદ વાલા સાડી સેન્ટર, રૂપ કલા, અને સગાઈ સાડી સેન્ટર જેવા એકમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હરીશ રેડીમેડ સ્ટોર, મેટ્રો રેડીમેડ, કમલેશ કિરાણા સ્ટોર અને વસંત કિરાણા સ્ટોર સામે પણ દંડનીય પગલાં લેવામાં આવ્યા છે. આ સાથે વેપારીઓને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જાહેર જગ્યાઓ કે ફૂટપાથ પર કોઈપણ પ્રકારનું દબાણ ચલાવી લેવામાં આવશે નહીં. વેપારીઓને તાત્કાલિક દંડ ભરી દેવા અને આવા દબાણો ન કરવા સૂચના અપાઈ છે.

ઓડ પાસે ટ્રેક્ટર-કાર અથડાતાં એકનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા. 26

ઓડ ચોકડીથી કણભઈપુરા જતા રોડ પર ટ્રેક્ટર સાથે ફોર વ્હીલ ટકરાતા જીવલેણ અકસ્માત થયો હતો.

આણંદના રણછોડપુરા બળિયાદેવ મંદિર પાસે રહેતા બુધાભાઈ ટ્રેક્ટર ડ્રાઈવીંગનું કામ કરતા હતા. તેઓ 25મીના રોજ ટ્રેક્ટર લઈને ઓડ ગામ તરફ કામથી નીકળ્યાં હતા. જોકે,તે દરમિયાન ઓડથી કણભઈપુરા જતા રોડ પર પુરપાટ ઝડપે આવતી ફોરવ્હીલ ટ્રેક્ટર સાથે અથડાઇ પડી હતી.જેને લઈને બુધાભાઈને ગંભીર ઈજાઓ પહોચી હતી. જેમને ઓડ સરકારી દવાખાને ખસેડાયા હતા.જ્યા ડોકટરે બુધાભાઈ વિનુભાઈ ઠાકોર (ઉ.વ.38)ને મત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે મૃતકના પત્ની સુમિત્રાબેને અકસ્માત કરનાર કાર નં.જીજે06ઈકયુ8937 ના ચાલક સામે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આણંદ જીલ્લા પોલીસે અઢી કરોડના વિદેશી દારૂનો ખાત્મો બોલાવ્યો

આણંદ જીલ્લા પોલીસે બેડવા એક્સપ્રેસ હાઇવે નજીક વિવિધ ગુનાખોરીમાં કબ્જે લીધેલ અઢી કરોડના વિદેશી દારૂનો નાશ કર્યો હતો. જિલ્લા પોલીસે સ્વચ્છતા અભિયાન અર્તગત આ ઠોસ કદમ ઉઠાવ્યું હતુ. આ કાર્યવાહીના અનુસંધાને તમામ થાણાના ઇન્ચાર્જોએ સંબધીત કોર્ટમાંથી દારૂ નાશ કરવાનો હુકમ મેળવ્યો હતો. જે અન્વયે પોલીસ પ્રશાશન સાથે આણંદ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને નશાબંધી અને આબકારી વિભાગના અધિક્ષકને પણ સાથે રાખવામાં આવ્યાં હતા.અને બેડવા ગામની સીમમાં આવેલ એક્સપ્રેસ હાઇવે નજીકની સરકારી જમીનમાં કુલ રૂ.2,47,87,455-ના વિદેશી દારૂના મુદામાલનો ખાત્મો કરવામા આવ્યો હતો.

આણંદમાં ઠંડી પારો 14 ડિગ્રીએ સ્થિર થયો

હાલમાં ઉત્તર પૂર્વીય
દિશાના ઠંડા પવન ફૂંકાવાના કારણે ઠંડીનું મોજું

(પ્રતિનિધિ) આણંદ તા 26

આણંદ જિલ્લામાં લઘુત્તમ તાપમાનમાં છેલ્લા કલાક દરમિયાન કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો ન હતો.જોકે બીજી તરફ ઠંડા પવનો ફૂંકાતા દિવસ દરમિયાન ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો.જોકે લઘુત્તમ તાપમાનનો પારો શુક્રવારે પણ 14 ડિગ્રીએ સ્થિર રહ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આગામી 2થી 3 દિવસ દરમિયાન તાપમાન ગગડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં હાલમાં ઉત્તર પૂર્વીય દિશાના ઠંડા પવન ફૂંકાવાના કારણે ઠંડીનું મોજું ફરી વળ્યું છે. આણંદ જિલ્લામાં પણ શિયાળો જામવા સાથે સાથે ઠંડીનો ચમકારો પણ વધી રહ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો ન હતો. તાપમાન સ્થિર રહેવા છતાં દિવસ દરમિયાન પણ ઠંડી અનુભવાઈ હતી.

હવામાન વિભાગે જણાવેલ માહિતી મુજબ, શુક્રવારે મહત્તમ તાપમાન 30 ડિગ્રી નોંધાયું હતુ. જયારે લઘુત્તમ તાપમાનનો પારો 14 ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. ભેજનું પ્રમાણ 88 ટકા રહ્યું છે. જ્યારે પવનની ગતિ પ્રતિ કલાક 3.1 કિલોમીટર નોંધાઈ છે. હાલ પંથકમાં વહેલી પરોઢે અને રાત્રીના સમયે કાતિલ ઠંડા પવનના કારણે ઠંડી પડતા માર્ગો સુમસામ બન્યા હતા.

નડિયાદ શહેરમાં ગેરકાયદેસર હોર્ડિંગ્સ મામલે દંડાત્મક કાર્યવાહી માત્ર કાગળ પર રહી

નડિયાદમાં ગેરકાયદે હોર્ડિંગ્સના રાફડા છતાં મનપાનું ભેદી મૌન!

નગરપાલિકા વખતે
ટેન્ડર પ્રક્રિયા વગર જ મળતિયા એજન્સીને લહાણી કરાઈ હતી?

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

નડિયાદ શહેરમાં વગર મંજૂરીએ લાગેલા ગેરકાયદે હોર્ડિંગ્સ દૂર કરી દંડાત્મક કાર્યવાહી કરવાના તંત્રના દાવાઓ માત્ર પોકળ સાબિત થયા છે. વાસ્તવિકતા એ છે કે નડિયાદના મુખ્ય માર્ગો અને સોસાયટી વિસ્તારોમાં હજુ પણ જોખમી હોર્ડિંગ્સ યથાવત છે. પાલિકા શાસન દરમિયાન કોઈપણ પ્રકારની ટેન્ડરિંગ પ્રક્રિયા કર્યા વગર માત્ર ઠરાવના જોરે ચોક્કસ એજન્સીઓને મંજૂરી આપી દેવામાં આવતા મોટું કૌભાંડ આચરાયું હોવાની શંકા સેવાઈ રહી છે.

નડિયાદ શહેરમાં ગેરકાયદેસર બેનરો અને હોર્ડિંગ્સ હટાવવાની વાતો માત્ર દીવાસ્વપ્ન બનીને રહી ગઈ છે. ભૂતકાળમાં તંત્ર દ્વારા મિશન રોડ કે અન્ય વિસ્તારોમાં ગણતરીના બોર્ડ હટાવીને સંતોષ માની લેવાયો હતો, પરંતુ વાસ્તવમાં આજે પણ 200 થી વધુ ગેરકાયદે હોર્ડિંગ્સ શહેરની સિકલ બગાડી રહ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે તત્કાલીન નગરપાલિકાના સત્તાધીશોએ કોઈ પણ જાહેર ટેન્ડર બહાર પાડ્યા વગર માત્ર સામાન્ય સભાના એક ઠરાવના આધારે 4 જેટલી ખાનગી એજન્સીઓને 100 થી વધુ બોર્ડ લગાવવાની લહાણી કરી દીધી હતી. નિયમો મુજબ કોઈપણ સરકારી મિલકત કે જાહેર માર્ગ પર જાહેરાતના હક્કો આપવા માટે ટેન્ડર પ્રક્રિયા અનિવાર્ય છે, જેનો અહીં સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે. આટલા લાંબા સમય સુધી ટેન્ડર વગર એજન્સીઓ કમાણી કરતી રહી અને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું, છતાં જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓ સામે હજુ સુધી કોઈ તપાસના ચક્રો ગતિમાન કરાયા નથી. શહેરના મુખ્ય માર્ગો પર 15 થી વધુ એવા વિશાળ હોર્ડિંગ્સ છે જેના સ્ટ્રક્ચર અત્યંત જર્જરિત હાલતમાં છે. જે સિમેન્ટના બ્લોક પર આ હોર્ડિંગ ઉભા છે તે પણ તૂટી રહ્યા છે, જે ગમે ત્યારે મોટી દુર્ઘટના નોતરી શકે તેમ છે.

આશ્ચર્યની વાત એ છે કે, સપ્તાહ પહેલા ગેરકાયદે હોર્ડિંગ્સ લગાવનાર સામે કાર્યવાહી કરી દંડ કરવાની જાહેરાતો મનપા પ્રશાસને કરી હતી. પરંતુ એક પણ વ્યક્તિ કે એજન્સી પાસેથી દંડ વસૂલાયો હોય તેવા કોઈ સત્તાવાર રેકોર્ડ સામે આવ્યા નથી. તંત્રની આ ઢીલી નીતિને કારણે જ હોર્ડિંગ્સનો રાફડો ફાટ્યો છે.

ગંભીરાના બંધ મકાનમાંથી 1.97 લાખની મતા ચોરાઈ

(પ્રતિનિધિ) આણંદ, તા. 26

આંકલાવના ગંભીરામાં બંધ મકાનને નિશાને લઈ તસ્કરોએ સોનાચાંદીના દાગીના અને રોકડની ચોરી મચાવી હતી.જેમા તસ્કરો સહિત રૂ.1.97 લાખની મત્તા ચોરી નાસી ગયાં હતાં.

આંકલાવના ગંભીરા બસ સ્ટેન્ડ પાસે શંકરપુરામાં રહેતા નીતીનભાઈ દાનાભાઈ રોહીતના પિતાજીનો અકસ્માત થયેલ હોવાથી વડોદરા ગોત્રી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.જેથી પરિવારજનો હોસ્પિટલમાં રોકાયેલ હતા.તે સ્થિતિમાં ઘરે હાજર નીતીનભાઈ તા.25-12-2025 ના રોજ સવારે ચાર વાગ્યે મોટરસાયકલ લઈ ગોત્રી હોસ્પિટલ જવા નીકળ્યાં હતા.જો કે સવારે નવ વાગ્યે ગંભીરા ખાતેના તેમના ઘરે પરત ફરતા ઘરના મુખ્ય દરવાજાનો તાળુ મારેલ નકુચો તુટેલો હતો.. જેથી નીતીનભાઈને તસ્કરી થઈ હોવાનો અંદાજો આવી ગયો હતો..જેથી તેમણેતાત્કાલિક પોલીસને જાણ કરી હતી.. અને થોડીવારમાં પોલીસ આવી ગઈ હતી.અને પછીથી ઘરમાં તપાસ કરતા ઘરનો સરસામાન વેરણછેરણ પડયો હતો.. ઘરના કબાટો અને તિજારી પર તસ્કરોના પંજા ફરી વળ્યા હતા.. કબાટ અને તિજોરી ખુલ્લા હતા.. અને લોકર પણ તોડી નાખવામાં આવ્યું હતુ. તસ્કરો સોના અને ચાંદીના દાગીના, રોકડા 21 હજાર મળી કુલ રૂ.1.97 લાખની મત્તાની ચોરી મચાવી હતી.આ અંગે નીતીનભાઈ રોહીતે અજાણ્યા ચોર ઈસમો સામે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

કપડવંજમાં 108ની ટીમે એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતિ કરાવી

'દેવદૂત' બની
આવેલા સ્ટાફે માતા અને નવજાતનો જીવ બચાવ્યો

(પ્રતિનિધિ) કપડવંજ તા.26

કપડવંજ પંથકના અંતરિયાળ ગામની સગર્ભા મહિલાને આતરસુંબા સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. પરંતુ સ્થિતિ નાજુક હોવાથી સામૂહિક આરોગ્ય કેન્દ્રથી સગર્ભા મહિલાને વધુ સારવાર માટે લઈ જવા 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ કોલ મળતાની સાથે જ કપડવંજ 108 ના કર્મચારીઓ, EMT દિલીપભાઈ પરમાર અને પાયલોટ રણજીત ઝાલા, ઝડપથી સ્થળ પર પહોંચી ગયા હતા અને મહિલાને એમ્બ્યુલન્સમાં લઈને હોસ્પિટલ જવા રવાના થયા હતા.

આતરસુંબા સીએચસીથી સારવાર માટે લઈ જવાતા સગર્ભા મહિલાને હોસ્પિટલ પહોંચતા પહેલા જ રસ્તામાં પ્રસૂતિનો અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. આ અંગે ઈએમટી દિલીપભાઈએ પરિસ્થિતિનું નિરીક્ષણ કરતા જણાયું કે, હોસ્પિટલ પહોંચવામાં મોડું થઈ શકે તેમ છે અને એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આમ, સમયસૂચકતા વાપરીને, એમ્બ્યુલન્સને રસ્તાની એક બાજુએ સુરક્ષિત રીતે ઉભી રાખવામાં આવી હતી.

બાદમાં અમદાવાદ કોલ સેન્ટર પર ફરજ બજાવતા ERCP ડોક્ટર રૂષિના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ, 108 ના સ્ટાફે અત્યંત કુશળતાપૂર્વક એમ્બ્યુલન્સની અંદર જ સફળતાપૂર્વક ડિલિવરી કરાવી હતી. નવજાત બાળક અને માતાને તાત્કાલિક જરૂરી પ્રાથમિક સારવાર આપીને સુરક્ષિત રીતે કપડવંજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ કટોકટીની પળે 108 ના સ્ટાફ દ્વારા બતાવવામાં આવેલી આ માનવતા અને સરાહનીય કામગીરીને પગલે દર્દીના પરિવારજનોએ ભાવુક થઈને સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ઈમરજન્સી સેવામાં કાર્યરત આ કર્મચારીઓ મુશ્કેલીના સમયે ખરા અર્થમાં જીવનરક્ષક સાબિત થાય છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225